**GJCU070013642018**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **પ્રાપ્તી તારીખ** | ૧૩/૦૭/૨૦૧૮ | | |
| **નોંધ્યા તારીખ** | ૧૩/૦૭/૨૦૧૮ | | |
| **ફેસલ તારીખ** | ૦૪/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૭** | **૧૧** | **૨૨** |

==========================================================

**ફોજદારી કેસ નં. ૭૨૦/૨૦૧૮**
**આંક :–**

# મે. જ્યુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી યુ.ડી.જાંબુની કોર્ટમાં, બોડેલી

==========================================================

શ્રી સરકાર

(બોડેલી પો.સ્ટેશન પાર્ટ–એ.ગુ.ર.નં.૨૮/૨૦૧૮ ...... **ફરિયાદી**

**વિ....રુ....ઘ્ઘ**

**(૧)** રાજદિપભાઈ દિલીપભાઈ પટેલ, ઉ.વ.પુખ્ત,

રહે.સોમા તલાવ, રત્નદિપ સોસાયટી, વડોદરા,

**(૨)** કેસીયાભાઈ મંગલાભાઈ રાઠવા

રહે. જામલા, ભુચીયાવાવ ફળીયુ, તા.જી. છોટાઉદેપુર ......**આરોપીઓ**

==========================================================

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ તથા ગુજરાત ખનીજ ગેરકાયદેસર (ખોદકામ/વહન/સંગ્રહ)–૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩ મુજબ**

==========================================================

==================================================

**રજુઆત**

**ફરિયાદી તર્ફે વિદ્વાન એપીપી શ્રી બી. એ. વસાવા**
**આરોપી નં.૧ તર્ફે વિદ્વાન વકીલ શ્રી એચ. એચ. જયસ્વાલ**
**આરોપી નં.૨ તર્ફે વિદ્વાન વકીલ શ્રી ડી. આર. પંચાલ**

==================================================

## —::: ચુ કા દો :::—

==================================================

૧. **ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામના ફરિયાદી કે જેઓ માઈન્સ સુપરવાઈઝર તરીકે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં કરાર આધારિત ફરજ બજાવતા હતા તેઓ તથા તેમની ટીમ તા.૨૬/૧૨/૨૦૧૭ ના રોજ પોલીસ સાથે ચેકીંગમાં હતી તે દરમ્યાન મોજે બામરોલી, તા.બોડેલી ગામમાંથી ઓરસંગ નદીના પટમાં ગેરકાયદેસર ચાલતુ **HYUNDAI EXCAVATOR DXLG G\PR140 LC-9U/0402D00246** ચાલુ હાલતમાં જોવા મળેલ, જેના ઓપરેટર સ્થળ ઉપરથી ભાગી ગયેલ, જે લીઝ વગરની જમીન માં ખનીજનું ખનન કરવાના કોઈ આધાર પુરાવા ન હોય મશીન સીઝ કરી, તેમજ ખોદકામ વાળી જગ્યાની સર્વેયર મારફતે માપણી કરાવતા આ કામના આરોપીઓ એ કુલ ૧૩૨૩.૫૫ મેટ્રીક ટન કિંમત રૂા.૩,૦૧,૯૧૪/– ની સાદી રેતીનુ ખોદકામ કરી, ગેરકાયદેસર સરકારી મિલ્કત રેતીની ચોરી કરી એક બીજાની મદદગારીમાં ગુનો કરેલ હોય ફરિયાદીએ તે અંગે ફરિયાદ કરતા તે બોડેલી પોલીસ સ્ટેશનમાં નોધાયેલ છે.

૨. સદર ફરિયાદ સંદર્ભે ગુન્હો નોંધાતાં તપાસ કરનારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને જરૂરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદવાળા ગુન્હાના કામે પુરતા પુરાવા

પડતા હોય ચાર્જશીટ અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ સદર કામે અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધ સમન્સની બજવણી કરવામાં આવતા આરોપીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પુરી પાડવામા આવેલ અને આરોપીઓ વિરુધ્ધ **આંક–૦૭ થી તહોમતનામુ** ફરમાવી, વાંચી સંભળાવી તેઓનું **આંક–૦૮ તથા ૦૯ મુજબનાં નિવેદન** રેકર્ડ કરવામા આવેલ છે. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતાં આ કામ ફરિયાદપક્ષનાં પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ હતુ.

૪. ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત તહોમત મુજબનો કેસ પુરવાર કરવા નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## <u>મૌખિક પુરાવાઓ</u>

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | સુલેમાન યુસુફભાઈ ખત્રી | હયુન્ડાઈ મશીન કબજે કર્યાના તથા આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ નં.૧ | ૧૪ |
| ૨. | સચીન ધર્મેન્દ્રભાઈ વણકર | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૭ |
| ૩. | ભોપાભાઈ મગાભાઈ ભરવાડ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૯ |
| ૪. | લાલખાન આલમખાન બલોચ | હયુન્ડાઈ મશીન કબજે કર્યાના તથા | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| | | આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ નં.૨ | |
| ૫. | સંજયભાઈ અરજુનભાઈ બારીયા | સર્વેયર ધ્વારા કરવામા આવેલ માપણીના પંચરોજકામના પંચ સાહેદ–૧ | ૪૯ |
| ૬. | શાંતિલાલ દલસુખભાઈ | સર્વેયર ધ્વારા કરવામા આવેલ માપણીના પંચરોજકામના પંચ સાહેદ–૩ | ૫૧ |
| ૭. | જીજ્ઞેશ નટવર બારીયા | સર્વેયર ધ્વારા કરવામા આવેલ માપણીના પંચરોજકામના પંચ સાહેદ–૨ | ૫૨ |
| ૮. | રામદેવભાઈ રૂખડભાઈ | પોલીસ સાહેદ | ૬૦ |
| ૯. | સુરેશભાઈ સામળભાઈ રાવલ | સાહેદ | ૬૪ |
| ૧૦. | વિરપાલસિંહ છતુભાઈ જાડેજા | સાહેદ | ૬૬ |
| ૧૧. | જીગ્નેશભાઈ વિઠ્ઠલભાઈ મકવાણા | ફરીયાદી | ૮૦ |

## <u>દસ્તાવેજી પુરાવાઓ</u>

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | હયુન્ડાઈ મશીનનુ પંચનામુ | ૧૫ |
| ૨ | આરોપીઓની શરીર સ્થીતીનુ પંચનામુ | ૧૬ |
| ૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૪ | સર્વેયર ધ્વારા કરવામા આવેલ માપણીનું પંચ રોજકામ | ૫૦ |
| ૫ | રેતી ખનીજના બિનઅધિકૃત ખોદકામ વિસ્તારનો નકશો | ૬૫ |
| ૬ | ફરીયાદ | ૮૧ |
| ૭ | રેતી ખનનમાં વપરાયેલ મશીન સીઝ કરેલાનું મિલ્કત જપ્તી ફોર્મ | ૮૨ |
| ૮ | આરોપી નં. ૧ નુ મશીન માલિક તરીકેનું રોજકામ/ નિવેદન | ૮૩ |

ત્યાર બાદ આરોપીઓનાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ છે જેમા તેઓએ પોતાની સામેના આક્ષેપોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એ.વસાવાની તથા આરોપીઓ તર્ફે તેઓના વિ.વ.શ્રી એચ.એચ.જયસ્વાલ, તથા વિ.વ.શ્રી ડી.આર.પંચાલનાઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** હાલનાં કામની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓ વંચાણે લેતા તેમજ ઉભયપક્ષની દલીલો ધ્યાને રાખતા હાલના કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## ::: મુ દ્દા :::

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવુ સાબીત કરી શકેલ છે કે, તા.૨૬/૧૨/૨૦૧૭ ના રોજ ફરિયાદી (માઈન્સ સુપરવાઈઝર) તથા તેમની ટીમ પોલીસ સાથે ચેકીંગમાં હતી તે દરમ્યાન મોજે બામરોલી, તા.બોડેલી ગામમાંથી ઓરસંગ નદીના પટમાં ગેરકાયદેસર ચાલતુ **HYUNDAI EXCAVATOR DXLG G\PR140 LC-9U/ 040 2D00246** ચાલુ હાલતમાં જોવા મળેલ, જેના ઓપરેટર સ્થળ ઉપરથી

ભાગી ગયેલ, જે લીઝ વગરની જમીન માં ખનીજનું ખનન કરવાના કોઈ આધાર પુરાવા ન હોય મશીન સીઝ કરી, તેમજ ખોદકામ વાળી જગ્યા ની સર્વેયર મારફતે માપણી કરાવતા આ કામના આરોપીઓએ કુલ ૧૩૨૩.૫૫ મેટ્રીક ટન કિંમત રૂા.૩,૦૧,૯૧૪/– ની સાદી રેતીનુ ખોદકામ કરી, ગેરકાયદેસર સરકારી મિલ્કત રેતીની ચોરી કરી એક બીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯, ૧૧૪ તથા ગુજરાત ખનીજ ગેરકાયદેસર (ખોદકામ/ વહન /સંગ્રહ) ૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>::: કા ર ણો :::</u>

<u>મુદ્દા નં.૧</u>:–

૭. અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેના આક્ષેપ મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી એ ગુન્હો કરેલ નથી તેવું માની આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂઘ્ધ કરવામાં આવતા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે. આ કામે આરોપીઓ વિરુઘ્ધ આક્ષેપીત કલમો ના મહત્વના તત્વો ઘ્યાને રાખતા ફરિયાદપક્ષે એ હકીકત નિઃશંક પણે પુરવાર કરવી જોઈએ કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદમાં જણાવેલ તારીખ, સ્થળ તથા સમયે હયુન્ડાઈ મશીન

વડે કુલ ૧૩૨૩.૫૫ મેટ્રીક ટન કિંમત રૂા.૩,૦૧,૯૧૪/– ની સાદી રેતીનુ ગેરકાયદેસર ખોદકામ કરી, ગેરકાયદેસર સરકારી મિલ્કત રેતીની ચોરી કરેલ છે.

**<u>હાલનાં કામે ફરિયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં,</u>**

**૭.૧.** ફરિયાદપક્ષે **આંક–૧૪** થી **પંચ સાહેદ–સુલેમાનભાઈ યુસુફભાઈ ખત્રી ને તથા આંક–૨૦ થી પંચ સાહેદ–લાલખાન આલમખાન બલોચ**ને તપાસવામા આવેલા છે. તેઓ આ કામે **આંક–૧૫** થી રજુ થયેલ હયુન્ડાઈ મશીન કબજે કર્યાના તથા **આંક–૧૬** થી રજુ થયેલ આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદો છે. પરંતુ આ પંચ સાહેદોએ તેમની જુબાની દરમ્યાન પોલીસના કહેવાથી તૈયાર લખેલ પંચનામાઓમાં સહીઓ કરેલાની હકીકત જણાવેલ છે, અને પંચનામાની અન્ય મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં પંચ સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સદર આંક–૧૫ તથા આંક–૧૬ થી રજુ થયેલ મહત્વના પંચનામાઓ પુરવાર થયેલ નથી.

**૭.૨.** ફરિયાદપક્ષે **આંક–૧૭** થી **પંચ સાહેદ–સચીનકુમાર ધર્મેન્દ્રભાઈ વણકર ને તથા આંક–૧૯ થી પંચ સાહેદ–ભોપાભાઈ મગાભાઈ ભરવાડ**ને તપાસેલ છે. તેઓ આ કામે **આંક–૧૮** થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. પરંતુ આ પંચ સાહેદોએ પણ તેમની જુબાની દરમ્યાન પોલીસ ના કહેવાથી તૈયાર લખેલ પંચનામામાં સહીઓ કરેલાની હકીકત જણાવેલ છે, અને પંચનામાની અન્ય મહત્વની હકીકતોને લેશ માત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં પંચ સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન

કરેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ આંક–૧૮ થી રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલ નથી.

**૭.૩.** ફરિયાદપક્ષે **આંક–૪૯** થી **પંચ સાહેદ–સંજયભાઈ અર્જુનભાઈ બારીયા ને, આંક–૫૧ થી પંચ સાહેદ–શાંતિલાલભાઈ દલસુખભાઈને** તપાસવામા આવેલા છે. તેઓ આ કામે **આંક–૫૦** થી રજુ થયેલ સર્વેયર ધ્વારા કરવામાં આવેલ માપણીના પંચરોજકામના પંચ સાહેદો છે. આ પંચ સાહેદો એ તેમની સરતપાસ દરમ્યાન તેઓ ખેતરમાં હતા ત્યારે ત્યાં હાજર સાહેબો એ સહી કરવાનું કહેતા સહી કરેલાનું જણાવેલ છે. બનાવ વખતે હાજર હતા ત્યાં ખોદવાનુ મશીન પડેલ હતુ. જેથી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ જેમાં તેઓએ સ્વીકાર કરેલો છે કે, તા. ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ નદીના પટ્ટમા ખનીજ ખાતાની ટીમ હાજર હોય પંચ રોજકામ કરવા તેઓને બોલાવેલા, તેમની હાજરીમા પીળા કલરનુ હયુન્ડાઈ મશીન કયુ ૪ ૨ ડી ૦૦૨૪૬ અટક કરવામા આવ્યુ, તેઓએ તેમના પંચનામામા એવુ લખાવેલ કે, સર્વે ધ્વારા ખોદણી કરેલ જમીનની ઉંડાઈ માપવા પંચનામુ કરેલ, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ છે કે, ગેરકાયદેસર ખોદકામ થતુ હોવાથી સર્વેયર ધ્વારા જી.પી.એસ પોઈન્ટથી ખોદણી કરી જગ્યાનુ માપ લેવા માં આવેલુ તેમજ તેમની, સરપંચ તેમજ જીજ્ઞેશ નટવરભાઈ ની પંચ રોજકામ મા સહી કરાવેલી.

સદર પંચ સાહેદોએ આરોપીઓ તર્ફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી કરાવેલી. તેઓએ વધુમાં સ્વીકાર કરેલ છે કે, તેઓ બોલતા હોય અને તે પ્રમાણે પંચનામુ લખતા હોય તેવુ બનેલુ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની સામે કોઈ મશીનથી માપણી કરેલી નથી. પંચ સાહેદોએ સ્વીકાર કરેલો છે કે, હયુન્ડાઈ મશીન કોણ ચલાવતુ હતુ તેની

તેઓને જાત માહીતી નથી.

સદર આંક–૫૦ થી રજુ થયેલ પંચનામાના અન્ય પંચ સાહેદ – **જીજ્ઞેશ ભાઈ નટવરભાઈ બારીયાને આંક–૫૨** થી તપાસેલ છે, જેઓએ તેમની જુબાની દરમ્યાન સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ ખેતરમાં ગયેલ ત્યારે આંક–૫૦ વાળા પંચનામામા પોતાની સહી કરેલી. તે સિવાય તેઓ બીજુ કશુ જાણતા નથી. જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષ ને સમર્થન કરેલ નથી.

આમ, આંક–૫૦ થી રજુ થયેલ પંચનામાની હકીકતો પણ ફરિયાદ પક્ષે સ્પષ્ટ રીતે પુરવાર થયેલ નથી.

**૭.૪.** ફરિયાદપક્ષે **આંક–૬૦** થી **પોલીસ સાહેદ–રામદેવભાઈ રૂખડભાઈ** ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૨૬/૧૨/૨૦૧૭ ના રોજ પો.સ.ઈ.શ્રી સાથે વહેલી સવારે પેટ્રોલીંગ દરમ્યાન ભુસ્તર શાસ્ત્રી અને ખનીજખાતા ધ્વારા માહીતી મળેલ કે, બામરોલી વડલા પાસે લીઝ બાર મશીન ચાલે છે. તેવી માહીતી ખનીજ ખાતાએ આપેલી તેની સાથે સાથે મશીન પાસે જતા મશીનનો ઓપરેટર મશીન છોડી ભાગી ગયેલ અને તે મશીન કોનુ છે તે પુછતા રાજદિપ પટેલ આવેલા. તેની પાસે પુરાવા માંગતા કોઈ પુરાવો રજુ કરેલ નહી જે બાબતે ખનીજ ખાતાએ કીધેલ કે આ મશીન ગેરકાયદેસર સાદી રેતીનુ ખનન કરે છે. ત્યાર બાદ બામરોલી સરપંચશ્રીને બોલાવી મશીન તેઓને સોંપેલુ ત્યાં સુધી તેઓ સાથે હતા. તપાસ કરનાર અમલદારે તેઓનુ નિવેદન લીધેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખતા હોવાનું જણાવેલ છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકાર કરેલો છે કે, તા.૨૬/ ૧૨/૨૦૧૭ ના રોજ સવારે કેટલા વાગે પેટ્રોલીંગમા હતા તે સમય લખાવેલ

નથી, તેમની પી.એસ.આઈ. સાથે રેગ્યુલર પેટ્રોલીંગ હતી, ભુસ્તરશાસ્ત્રી ધ્વારા તેમના સાહેબને બાતમી તેમની રૂબરૂ મળેલ હોય તેવુ બનેલુ નથી, ઓરસંગ પટ્ટમાં અસંખ્ય લીઝ છે, કોની લીઝ કોની માલીકીની છે ? કયા કે.એલ. નંબર શું છે તેની તેઓને માહીતી નથી. સાહેદે જણાવેલ છે કે, મારી હાજરીમા જ ખનીજ ખાતાએ માંગેલ હતી પરંતુ તેણે કંઈ રજુ કરેલ ન હતુ. ખનન કયા સર્વે નંબરમાં ચાલતુ હતુ તે તેઓના જવાબમાં લખાવેલ નથી. તેઓએ એ બાબત નો સ્વીકાર કરેલ છે કે, જે ઓપરેટર હતો તે તેઓને જોઈને જ ભાગી ગયેલ હોય તેથી ઓળખી શકે નહી. તેઓનો જવાબ ગેરકાયદેસર રેતી ખનન ની ફરીયાદમાં લીધેલ કે રેતી ચોરીમાં લીધેલ તે બાબતે પુછતા સાહેદે જણાવેલ છે કે, તેમનો જવાબ ગેરકાયદેસર રેતી ખનન માં લીધેલ છે. વધુમાં સાહેદે સ્વીકાર કરેલ છે કે, મશીન ઓપરેટરનું કોઈ વર્ણન જવાબમાં જણાવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, મશીન રાજદિપ કરીને છોકરો આવેલ અને કહેલ કે હુ ચલાવુ છુ પણ પછી કોઈ આધાર પુરાવો આપેલ નહી.

૭.૫. ફરીયાદપક્ષે **આંક–૬૪** થી **સાહેદ–સુરેશભાઈ સામળભાઈ રાવલ** ને તપાસવામા આવેલા છે. તેઓએ સરતપાસમા મુખત્યવે જણાવેલ છે કે, સને–૨૦૧૮ મા તેઓ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, છોટાઉદેપુર સર્વયર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ તથા પોલીસ ની સંયુકત ટીમ બામરોલી ગામે બીન અધિકૃત રેતી ખનની તપાસ કરવા આવેલી. તે દિવસે બામરોલી ગામે ઓરસંગ નદીના પટ્ટમા વડના ઝાડની નીચે હુન્ડાઈ એકસએવેટર મશીન રેતી ખનનુ ખોદકામ કરતુ હતુ જેને પકડવામાં આવેલુ. મશીનનો ઓપરેટર ભાગી ગયેલો જેથી મશીનના માલીકને તપાસ ટીમ ધ્વારા બોલાવવામા આવેલા જેથી મશીનના માલીક સ્થળ ઉપર આવેલા. તેઓની પાસે ખોદકામ કરવા અંગેના આધાર પુરાવા

બાબતે પુછતા કોઈ પુરાવા રજુ કરેલા નહી. જેથી ખોદકામ બીન અધિકૃત રીતે કરતા હોવાનુ ધ્યાન ઉપર આવેલુ. ત્યાર બાદ મશીનને સીઝ કરી ને સરપંચશ્રી, બામરોલી ગ્રામ પંચાયતને સોંપવામાં આવેલુ. ત્યાર બાદ તા. ૨૭/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ સ્થળ ઉપર જગ્યાની માપણી કરવા માટે બોલાવવામા આવેલા જેથી તેઓ જગ્યા ઉપર જઈને સ્થળની માપણી કરેલી. જગ્યાની માપણી કરીને કમ્પ્યુટર નકશો તૈયાર કરેલો નકશા મુજબ ઓરસંગ નદીના પટ્માંથી સાદી રેતી ૪૯૫.૭૧ ઘન મીટર નુ ખોદકામ થયેલુ હતુ જેની કિંમત આશરે ૩,૦૧,૯૧૪ હતી જે જગ્યાએથી રેતીનુ ખોદકામ થયેલુ હતુ તેનુ લાગુ સર્વે નંબર ૧૫૮ અને ૩૫૫ હતો. સદર સાહેદે આંક–૬૫ વાળો નકશો રજુ કરેલ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે. બનાવ બાબતે મશીનના માલીકને નોટીસ આપવામા આવેલી અને દંડની રકમ રૂા. ૩,૦૧,૯૧૪/– ભરપાઈ કરવા માટે જણાવવામા આવેલુ. મશીનના માલીકે દંડ ની રકમ ભરપાઈ કરેલી નહી જેથી આ અંગે પોલીસ ફરીયાદ તેમના માઈન્સ સુપરવાઈઝર જિગ્નેશભાઈ મકવાણાએ દાખલ કરેલી. બનાવ અંગે પોલીસે તેઓની પુછપરછ કરેલી સદર સાહેદે આરોપીને જોયે ઓળખી શકતા હોવાનુ જણાવેલુ છે.

સદર સાહેદે ઉલટ તપાસમાં સ્વીકાર કરેલો છે કે, તેઓ કઈ તારીખથી કઈ તારીખ સધી કરાર આધારીત ફરજ ઉપર હતા તેનો આધાર પુરાવો પોલીસને આપેલો નથી, તેમના પોલીસના જવાબમા બનાવની તા.૨૬ /૧૨/૨૦૧૮ લખાવેલી નથી. સાહેદ જણાવે છે કે, કમ્પ્યુટર ટાઈપ ભુલના કારણે બનાવની તારીખ બદલાઈ ગયેલ હોય તેવુ લાગે છે, તારીખ લખવામા ભુઈ થઈ ગયેલ હોય તે અંગે પી.એસ.આઈ.શ્રી ને કોઈ વાત કરેલી નથી, સ્થળ પરથી કોઈ ઓપરેટરને પકડવામા આવેલા નથી. તેમનુ કામ માપણી કરવાનુ છે, બનાવના દિવસે તેઓએ કોઈ માપણી કરેલી નથી, બામરોલી નદીના પટ્માં

ઘણા બધા મશીનો તથા ટ્રકો ધ્વારા ખોદકામ ચાલતુ હોય છે, તેઓએ જી.પી.એસ. અને મેજર ટેમથી મશીનથી માપણી કરીએ છીએ, ગેરકાયદેસર ખનન એટલે લીઝ કે, પરમીટ વગર નદીમા ખાડો પાડીને રેતી એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરવુ. તેઓએ મશીનના માલીક કે ઓપરેટરને રેતીનુ ખનન કરતા જોયેલા નથી. સાહેદે આરોપી નં.૨ તરફેની ઉલટ તપાસમા સ્વીકાર કરેલો છે કે, મશીન કોણ ઓપરેટ કરતુ હતુ તેની જાત માહીતી નથી.

૭.૬. ફરીયાદપક્ષે **આંક–૬૬** થી **સાહેદ–વિરપાલસિંહ છતુભા જાડેજા** ને તપાસવામાં આવેલા છે. તેઓએ જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ રોયલ્ટી ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા હતા. બનાવના દિવસે તેઓ તથા પોલીસની સંયુકત ટીમે બામરોલી ગામે બીન અધિકૃત રેતી ખનનની તપાસ કરવામાં આવેલી. તે દિવસે બામરોલી ગામે ઓરસંગ નદીના પટૃમા વડના ઝાડની નીચે હુન્ડઈ એકસએવટર મશીન ગેરકાયદેસર રીતે રેતી ખનન ખોદકામ કરતુ હતુ જેને પકડવામા આવેલુ. મશીનનો ઓપરેટર ભાગી ગયેલો. જેથી મશીન માલીકને બોલાવવામા આવેલા અને તેઓની પાસે આધાર પુરાવા માંગતા નહી હોવાનુ જણાવતા ત્યાર બાદ મશીનને સીઝ કરી સરપંચશ્રી, બામરોલી ગ્રામ પંચાયત સોંપેલુ. તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ સર્વેયર શ્રી ધ્વારા સ્થળ ઉપર માપણી કરવામા આવેલી જેમા ૪૯૫.૭૧ ઘન મીટર સાદી રેતીનુ ખનન ગેરકાયદેસર થયેલુ હતુ અને તે રેતીની કિંમત રૂા.૩,૦૧,૯૧૪/– હતી માલીકે દંડ ની રકમ ભરવા મશીનના માલીક ને નોટીસ આપવામા આવેલી પરંતુ દંડ ભરેલ નહી. બનાવ અંગે માઈન્સ સુપરવાઈઝર જીગ્નેશભાઈ મકવાણાએ ફરીયાદ કરેલી.

સદર સાહેદે ઉલટ તપાસમા સ્વીકાર કરેલો છે કે, તેઓ કઈ તારીખ થી કઈ તારીખ સુધી કરાર આધારીત ફરજ ઉપર હતા તેનો આધાર પુરાવો

પોલીસને આપેલો નથી, તેમના જવાબમા બનાવની તા. ૨૬/૧૨/૧૮ લખાવેલી નથી, તારીખ લખવામા ભુલ થઈ ગયેલ હોય તે અંગે પી.એસ.આઈ.શ્રી ને જઈને કોઈ વાત કરેલી નથી, સ્થળ ઉપર રેતીનુ ખનન કરીને તેને કોઈ ટ્રકમા નાંખીને તેનુ વહન કરવામા આવતુ હતુ તેવી કોઈ હકીકત તેમના નિવેદન મા લખાવેલી નથી, માપણીના દિવસે તેઓ સર્વયર સાથે હાજર ન હતા, તેમની ફરજ રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે હતી, નિવેદનમાં તેઓએ રોયલ્ટી માંગી હોય તેવી હકીકત લખાવેલી નથી, આરોપી નં. ૧ ને તેઓએ જોયેલા નથી, આરોપી નં.૧ ને દંડ ભરવા માટે કોઈ નોટીસ આપી હોય તેવી હકીકત નિવેદનમા લખાવેલી નથી. સદર સાહેદે આરોપી નં.૨ તરફેની ઉલટ તપાસમાં એ બાબતનો સ્વીકાર કરેલ છે કે, મશીન કોણ ઓપરેટ કરતુ હતુ તેની જાત માહીતી નથી.

૭.૭. ફરીયાદપક્ષે **આંક–૮૦** થી **ફરીયાદી–જીગ્નેશભાઈ વિઠૃલભાઈ મકવાણા**ને તપાસવામા આવેલા છે. તેઓએ જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૨૦૧૭–૧૮ માં તેઓ માઈન્સ સુપરવાઈઝર તરીકે છોટાઉદેપુર ખાતે ફરજ બજાવતા હતા. તા.૨૬/૧૨/૧૭ ના રોજ તેમની કચેરીના ટીમ તથા સબઈન્સપેકટર દ્રારા સયુકત આકસ્મીક ચેકિંગ હાથ ધરવામાં આવેલુ મોજે બામરોલી તા.બોડેલીમાંથી ઓરસંગ નદિના પટમાંથી વડલાના ઝાડ નીચે કિનારા તરફ એક હુન્ડાઈ એકસ કેવેટર મશીન ચાલતુ જોવા મળેલ જેનો રજી નં.આર.૧૪ ઓ.એલ.સી–૯ યુ–૦૪૦૨ ડી ૦૦૨૪૬ હતો. જેનો ઓપરેટર ભાગી ગયેલ હતો. ત્યાર બાદ સદર મશીનના માલિકને બોલાવી આધાર પુરાવા માંગતા તેઓ કોઈ આધાર પુરાવો રજુ કરેલ નહી જેથી બિનઅધિકૃત રીતે સાદી રેતી ખનીજ નુ ખનન કરવા બદલ મશીન ને તા.૨૬/૧૨/૧૭ ના રોજ સીઝ કરી તેનો કબજો સરપંચ શ્રી બામરોલી જુથ ગ્રામપંચાયતને સોપવામાં આવેલુ. સદર મશીન દ્રારા કરવામાં આવેલ ખોદકામ

વાળી જગ્યા ઓરસંગ નદી પટમાં બતાવેલી જયા કોઈ પણ લીઝ જોવા મળેલ ન હતી. જેથી તેમની કચેરીને સર્વેયર ને બોલાવી સદર ખોદકામ વાળી જગ્યાની પંચો રૂબરૂ માપણી કરતા કુલ.૪૯૫,૭૧ ઘન મીટર × ૨.૬૭– ૧૩૨૩.૫૫ મેટ્રીક ટન જેની સમાધાન કિ.રૂ.૩,૦૧,૯૧૪/– નું બિનઅધિકૃત ખોદકામ બામરોલી ગામના સર્વે નં.૧૫૮ અને ૩૫૫ ની લાગુ ઓરસંગ નદિના પટમાં જોવા મળેલ. ત્યાર બાદ સદર ખોદકામ વાળા મશીનને ભુરસ્તરશાસ્ત્રીની કચેરી કલેકટર કચેરી છોટાઉદેપુરનાઓ દ્વારા સીઝ કરવામા અને મશીન દ્વારા થયેલ સાદી રેતીનુ ખોદકામ બાબતે આ મશીનના માલિકને સુનાવણીમાં હાજર રહેવા માટે તા.૨૨/૦૧/૧૮ ના રોજ સમજ કરવામાં આવેલ પરંતુ આ કામના મશીનના માલિક હાજર રહેલ નહી. જેથી તેઓની વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા કલેકટર સાહેબ હુકમ કરેલો અને આમ કલેકટર સાહેબશ્રીના આદેશ અનુસાર તા.૦૧/૦૩/૧૮ ના રોજ બોડેલી પોલીસ સ્ટેશનમાં મશીનના ઓપરેટર મશીનના માલિક વિરૂધ્ધ સરકારી મિલ્કતની રેતી ચોરી કરવા બાબતની ફરીયાદ લેખિતમાં આપેલી. જેમાં તેમની સહી ઓળખી બતાવી **આંક–૮૧** થી પુરાવામાં રજુ રાખેલ છે. તેમજ રેતી ખનનમાં વપરાયેલ મશીન સીઝ કરેલાનુ મિલ્કત જપ્તીનુ ફોર્મમાં તેમની તથા સરપંચ શ્રી બામરોલી નાઓની સહી ઓળખી બતાવેલ છે અને આંક–૮૨ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓએ મશીન કબજે કર્યા અંગેનુ તપાસ અંગેનુ રોજકામમાં તેમની તથા સરપંચ શ્રી બામરોલી નાઓની સહી ઓળખી બતાવેલ છે અને આંક–૮૩ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓએ આંક.૫૦ થી રજુ થયેલ પંચ રોજકામમાં પંચોની તથા રૂબરૂમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેમજ મોજે બામરોલી તા.બોડેલી જી.છોટાઉદેપુર ના સર્વે નં.૧૫૮,૩૫૫ ની લાગુ ઓરસંગ નદિના પટમાં થયેલ બીનઅધિકૃત ખોદકામ વાળા વિસ્તારની તા.૨૭/૧૨/૧૭ ના રોજ કરેલ માપણીનો સ્થળ સ્થિતીનો નકશામાં સર્વેયરની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ આરોપીઓને જોયે ઓળખતા હોવાનુ જણાવેલુ છે.

ફરીયાદીએ આરોપી તરફેની ઉલટ તપાસમા સ્વીકાર કરેલો છે કે, તેઓ તા.૦૧/૦૩/૧૮ ના રોજ ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ ખાતામાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. તેમની નોકરી કાયમી નહી કરાર આધારિત હતી. તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૧/૦૩/૧૮ ના રોજ તેઓ નોકરીમાં ચાલુ હતા કે કેમ તે બતાવવા માટે કોઈ ફરીયાદ સાથે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. હુ કરાર આધારીત નોકરીમાં છુ તે હકિકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. હુ તા.૨૬/૧૨/૧૭ ના રોજ આકસ્મીક ચેકીંગમાં ગયેલ હતો. બનાવના દિવસે તેઓએ ફરીયાદ આપેલ નથી. તેમના ઉપરા અધિકારી દ્રારા ફરિયાદીને નામજોગ ફરીયાદ દાલખ કરવા માટે કોઈ આદેશ આપેલ નથી. આ આકસ્મીક ચેકિંગમાં મારી ટીમમાં કોણ કોણ સામેલ હતુ તેના નામા લખાવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં લખાવેલ નથી. મને આઈ.પી.સી ૩૭૯ ના કાયદા વિશે માહીતી નથી. રેતીનુ ખનન એક જગ્યાથી બીજી જગ્યા લઈ જાય ત્યારે કહેવાય છે. ફરીયાદ ૩૭૯ તથા ૧૧૪ મુજબ આપેલી છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઓરસંગના પટમાં ઘણી બધી લીઝો આવેલી છે તથા ઘણા બધા મશીનો આવેલા છે, અને પટ ઘણો લાબો છે. આ સર્વે નંબર સરકારશ્રીનો હતો કે ખાનગી માલિકીના હતા તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. બનાવ ના દિવસે થયેલ રેતી ખનન વાળા વિસ્તારની માપણી મારી રૂબરૂમાં થયેલ નથી. મને કેટલા ઘનમિટરની ચોરી થયેલી તેની માહીતી મને માપણી કરેલ સર્વેયર દ્રારા થયેલ. ફરીયાદ મોડી આપવાનુ કારણ મારી ફરીયાદમાં જણાવેલ નથી. હુન્ડાઈ મશીન કોણ ઓપરેટ કરતુ હતુ તેની મને માહીતી નથી.

## ::: પુરાવાનું મુલ્યાંકન :::

૮. આ કામે આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૧૧૪ ની સાથે ગુજરાત ખનીજ ગેરકાયદેસર(ખોદકામ/ વહન / સંગ્રહ)

–૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩ મુજબનો પણ આક્ષેપ છે. તેમજ ફરિયાદપક્ષના કેસ મુજબ ખાણ અને ખનીજ વિભાગના અધિકૃત અધિકારીશ્રી એ (માઈન્સ સુપરવાઈઝર) પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપેલ, જેના આધારે પોલીસે એફ.આઈ.આર. નોંધી સંપૂર્ણ તપાસના અંતે આ અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે. આ સંજોગોમાં કેસના ગુણદોષ પર જતા પહેલાં મુખ્ય કાયદાકીય પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, શું ખનીજ ચોરીના કિસ્સામાં ખાણ ખનીજ વિભાગના અધિકારીની લેખિત રજૂઆતના આધારે પોલીસ સીધી એફ.આઈ.આર. નોંધી, તપાસ કરી ખનીજ નિયમો હેઠળ ચાર્જશીટ રજૂ કરી શકે છે ? અને શું આ અદાલત તેવા પોલીસ રિપોર્ટના આધારે ગુનાની નોંધ લઈ શકે છે ? આ સંદર્ભે 'માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ ની કલમ–૨૨ ની જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય છે. જે નીચે મુજબ છે.

**Sec.22 of MMRD Act** - "No Court shall take cognizance of any offence punishable under this Act or any rules made thereunder except upon complaint in writing made by a person authorised in this behalf by the Central Government or the State Government."

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન નં.૩૯૮૩/૨૦૨૧ **Bhaveshbhai Pithabhai Kambariya vs State Of Gujarat** ના ચુકાદામાં આ સંદર્ભે ખૂબ જ સ્પષ્ટ અર્થઘટન કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે સદરહુ ચુકાદામાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨(ડી) હેઠળ 'ફરિયાદ' અને 'માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ ની કલમ–૨૨ અંગે ઠરાવ્યું છે કે, ફરિયાદ એટલે મેજિસ્ટ્રેટ સમક્ષ સીધી લેખિત કે મૌખિક રજૂઆત, જેમાં પોલીસ રિપોર્ટનો (ચાર્જશીટ) સમાવેશ થતો નથી. વધુમાં ના.હાઈકોર્ટે સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટના **State of NCT of Delhi Vs. Sanjay (AIR**

**2015 SC 75)** ના ચુકાદાને પણ ટાંકેલ છે, અને તે મુજબ ખનીજ એ રાજય સરકારની સંપત્તિ હોય તેની ગેરકાયદેસર ઉઠાંતરી ઈ.પી.કોડની કલમ ૩૭૯ હેઠળ ચોરીનો સ્વતંત્ર ગુનો બને છે. અને તેમાં પોલીસ સ્વતંત્ર તપાસ કરી ચાર્જશીટ રજૂ કરવા સંપૂર્ણ હકદાર છે અને અદાલત તેની નોંધ લઈ શકે છે. પરંતુ, **MMDR ACT** અથવા તેના હેઠળ બનેલા નિયમો ગુજરાત ખનીજ ગેરકાયદેસર(ખોદકામ/ વહન / સંગ્રહ) –૨૦૧૭ ના નિયમ સંદર્ભે પોલીસ રિપોર્ટ કે ચાર્જશીટના આધારે અદાલત સંજ્ઞાન લઈ શકે નહીં. તે માટે માત્ર અધિકૃત અધિકારી દ્વારા સીધી અદાલત સમક્ષ જ લેખિત ફરિયાદ દાખલ થવી જોઈએ.

હાલના કેસની હકીકતો જોતાં, ખાણ–ખનીજ વિભાગના અધિકારી શ્રી એ અદાલત સમક્ષ સીધી કાયદેસરની ફરિયાદ દાખલ કરવાને બદલે પોલીસ ને લેખિત અરજી આપી હતી, જેના આધારે પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરેલ છે. આમ, કલમ–૨૨ વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, ગુજરાત ખનીજ ગેરકાયદેસર(ખોદકામ/ વહન / સંગ્રહ) –૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩ હેઠળના ગુના અંગેનું ચાર્જશીટને સ્પષ્ટ રીતે કાયદાકીય બાધ નડતો હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવુ છે.

આ કામે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત અન્ય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ અને ૧૧૪ અન્વયેના પુરાવા વંચાણે લેતા,

આ કામે આંક–૧૫ થી હયુન્ડાઈ મશીન કબજે કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે પરંતુ સદર મશીનની માલીકી બાબતે કોઈ જ વિશ્વસનીય દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ કરાયેલ નથી. વધુમાં સદર પંચનામાના પંચોએ પણ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

વધુમાં ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોની જુબાની જોતા મશીન સરપંચશ્રી, બામરોલી ગ્રામ પંચાયતને સોંપવામા આવેલ હોવાની જે હકીકતો જણાવેલ છે,

પરંતુ એ હકીકત નોંધનીય છે કે, બામરોલી ગ્રામ પંચાયતના સરપંચશ્રી ને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા નથી. જેથી સદર હકીકત પણ નિઃશંકપણે પુરવાર થયેલ નથી.

આ કામે આંક–૧૬ થી આરોપીઓની શરીર સ્થીતીનુ પંચનામુ રજુ થયેલ છે. પરંતુ સદર પંચનામાના પંચ સાહેદોએ પણ ફરીયાદ પક્ષ ને લેશમાત્ર સમર્થન કરેલુ ન હોય સદર પંચનામુ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેમ નથી. તેમજ આંક–૫૦ થી રજુ થયેલ પંચ રોજકામના પંચોની જુબાની પણ વિશ્વાસપાત્ર જણાતી નથી.

ફરીયાદ પક્ષ ધ્વારા કહેવાતા રેતી ખનનના ચોરીના બનાવ સ્થળની માલીકી દર્શાવતો કોઈ સચોટ દસ્તાવેજી પુરાવો રજુ કરાયેલ નથી. ચોરીનો બનાવ બનેલ જગ્યા સરકારી માલીકીની હતી કે ખાનગી માલીકીની હતી તે અંગે પણ સ્પષ્ટતા કરવામા આવેલી નથી, ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમા સ્વીકાર કરેલ છે કે, સબંધીત સર્વે નંબરો સરકારશ્રીના હતા કે ખાનગી માલીકીના હતા તેની વિગતો તેઓએ ફરીયાદમા દર્શાવેલ નથી. તેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબ સરકારી મિલ્કતની ચોરી થયેલ હોવાનુ નિઃશંકપણે સાબીત થતુ નથી.

આ કામે ફરિયાદી તથા સાહેદોએ જુબાની દરમ્યાન મશીનનો ઓપરેટર ભાગી ગયેલ હોવાનુ જણાવેલુ છે પરંતુ ભાગી ગયેલ વ્યકિતનુ કોઈ જ વર્ણન, ઓળખ અંગેની વિગતો ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં સાહેદોએ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે, મશીન કોણ ચલાવતુ હતુ તેની તેમને જાત માહીતી નથી તેથી હાલના કામના આરોપી નં.૨ નાઓ બનાવ સમયે કહેવાતુ મશીન ચલાવતા હતા તે બાબત શંકાથી પર પુરવાર થતી નથી.

મહત્વની બાબત એ પણ છે કે, ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવાથી

એવી હકીકત પણ સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ છે કે, રેતી ચોરીના બનાવની તારીખ ૨૬/૧૨/૨૦૧૭ હોવા છતાં સ્થળની માપણી તા.૨૭/૧૨/૨૦૧૭ ના રોજ કરવામા આવેલ હતી. સદર સ્થળ ખુલ્લો નદી પટ્ટ વિસ્તાર હોવાની તથા તે વિસ્તારમા અન્ય અનેક લીઝો તથા મશીનો કાર્યરત હોવાની હકીકત ફરીયાદી તથા અન્ય સાહેદોએ સ્વીકારેલ છે. આ સંજોગોમાં એક દિવસના અંતરે કરાયેલ માપણીને આધારે ચોકકસપણે હાલના આરોપીઓ ધ્વારા જ બનાવ સ્થળે રેતી નું ગેરકાયદેસર ખોદકામ થયેલ હતુ તેવુ નિઃશંકપણે માની શકાય તેમ નથી.

વધુમાં ફરીયાદ પક્ષે ૪૯૫.૭૧ ઘનમીટર રેતીનુ ખોદકામ તથા રૂા. ૩,૦૧,૯૧૪/- ની કિંમત દર્શાવેલી છે પરંતુ તે અંગેનો આધારભુત તથા નિર્વીવાદ તકનીકી પુરાવો રેકર્ડ ઉપર પુરતા પ્રમાણમા રજુ કરેલ નથી. વધુમાં એ હકીકત રેકર્ડ પર છે કે, સર્વેયરશ્રી એ બનાવના દિવસે માપણી કરેલી ન હતી અને આરોપીઓને ખનન કરતા કોઈએ જોયેલા નથી.

હાલના કામે ફરીયાદી ધ્વારા બનાવના દિવસે તરત ફરીયાદ દાખલ કરવામા આવેલ નથી અને મોડેથી ફરીયાદ દાખલ થયેલ છે. ફરીયાદમા થયેલ વિલંબનુ કોઈ સંતોષકારક કારણ દર્શાવવામા આવેલુ નથી. ફરીયાદીનુ એવુ કહેવુ છે કે, પ્રથમ આરોપીને દંડ ભરવા નોટીસ આપવામા આવેલી અને ત્યાર બાદ ફરીયાદ દાખલ કરવામા આવેલી. આ હકીકત દર્શાવે છે કે, પ્રારંભીક કાર્યવાહી વહીવટી/ દંડનાત્મક સ્વરૂપની હતી અને ત્યાર બાદ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે. જે સંજોગોમાં ફરીયાદીનુ વિલંબીત નોંધાણ પણ ધ્યાને લેવા યોગ્ય બને છે.

વધુમાં ફરીયાદી તથા અન્ય સાહેદોએ જણાવ્યુ છે કે, પોલીસ તથા ખનીજ ખાતાની સંયુકત ટીમ ધ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરવામા આવેલ હતુ તેમ છતા તે સમયે હાજર રહેલ તમામ પોલીસ કર્મચારીઓના નામ કે પંચોના નામ તેમની ભુમીકા તથા સ્પષ્ટ વિગતો ફરિયાદમાં જણાવેલ નથી.

હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ રેતી ચોરી કરવાનો આક્ષેપ કરવામા આવેલ છે, પરંતુ ફરીયાદપક્ષના પુરાવામાંથી એ બાબત સ્પષ્ટ પણે બહાર આવતી નથી કે, કથીત રીતે ખોદકામ કરેલ રેતીનુ ત્યાર બાદ શું થયેલ ? તે કયા સ્થળે લઈ જવામા આવેલ ? કોને વેચવામા આવેલ ? અથવા તે અંગે કોઈ જપ્તી કાર્યવાહી કરવામા આવેલ હતી કે કેમ ? ફરીયાદ પક્ષ ધ્વારા કથીત ચોરી થયેલ રેતીમાંથી કોઈ રેતી મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવેલ હોવાનુ પણ દર્શાવવામા આવેલુ નથી. વધુમાં સ્થળ ઉપરથી કોઈ ટ્રક, વાહન –વ્યવહાર અથવા રેતીના પરીવહન અંગેનો વિશ્વસનીય પુરાવો પણ રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના કેટલાક સાહેદોએ પોતાની ઉલટ તપાસમા સ્વીકાર કરેલ છે કે, રેતીનુ ખનન એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવામા આવે ત્યારે તે બાબત અંગે કાર્યવાહી થાય છે. આવી પરીસ્થીતીમા માત્ર ખોદકામ થયેલ હોવાનું દર્શાવવુ પુરતુ ગણી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓ ધ્વારા સરકારી મિલ્કતરૂપ રેતીની ચોરી થયેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા છે.

આમ, હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં આરોપીઓ વિરુધ્ધ ની આક્ષેપીત કલમો મુજબનો ગુનો પુરવાર માની શકાય તેમ નથી.

૯. આમ, ફરિયાદપક્ષે રજુ પુરાવાઓની તેમજ દલીલોની ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદપક્ષ આ કામનાં આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપીત **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ તથા ગુજરાત ખનીજ ગેરકાયદેસર (ખોદકામ/ વહન/ સંગ્રહ)–૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩** મુજબનો ગુનો નિઃશંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૧** નો જવાબ **"નકાર"** માં આપવામાં આવે છે. તથા **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

# ::: હુ ક મ :::

૧. આ કામના તહોમતદાર નં. (૧) રાજદિપભાઈ દિલીપભાઈ પટેલ, (૨) કેસીયાભાઈ મંગલાભાઈ રાઠવા નાઓને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૪૮(૧) મુજબ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ ,૧૧૪ તથા ગુજરાત ખનીજ ગેરકાયદેસર (ખોદકામ/ વહન / સંગ્રહ)–૨૦૧૭ ના નિયમ ભંગ કલમ–૩** મુજબનાં શિક્ષા ને પાત્ર ગુન્હામાંથી **"નિર્દોષ"** ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલ સમય બાદ આ કામે જપ્ત કરવામા આવેલ મુદ્દામાલ હયુન્ડાઈ મશીન લગત અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરી પરત કરેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે અને તેની શરતો રદ કરવામાં આવે છે, અન્યથા જો હુકમ થયેલ ન હોય અથવા નામંજુર થયેલ હોય તો સદર મશીન તેની માલીકી અંગેની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના તહોમતદારોએ અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૪ થી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૦૪/૦૭/૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

//ARIF//